આમોદમાં એક જ દિવસમાં સાત લોકોને કૂતરા કરડ્યા

પ્રજાનો રોષ જોઈ 11 કૂતરાને પકડી લેવાયા, બે શ્વાનમાં હડકવાના લક્ષણો જણાતાં ભય

બે દિવસમાં 10 લોકોને રખડતા કૂતરાએ બચકા ભર્યા

આમોદ, ભરૂચઃ આમોદ નગરમાં છેલ્લા બે દિવસમાં રખડતા કૂતરાએ 10 વ્યક્તિઓને બચકા ભરી લોહીલુહાણ કરતાં નગરજનો ભયભીત બન્યા હતા. બે દિવસ પહેલાં જ અલગ-અલગ વિસ્તારોમાં રમી રહેલા ચાર માસૂમ બાળક પર પણ કૂતરાએ પોતાના તીક્ષ્ણ દાંત વડે બચકા ભરી બાળકોને ઈજાગ્રસ્ત કર્યા હતા.

જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાળકોને આમોદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. ત્યાર બાદ આજ રોજ સવારે ભરબજારમાં માર્કેટ આવેલા લોકો તેમજ લગ્ન પ્રસંગમાં જતાં લોકો સહિત સાત વ્યક્તિને રખડતા કૂતરાએ બચકાં ભરતા ઈજાગ્રસ્તોએ આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બબ્બે ઈન્જેક્શન લેવાની ફરજ પડી હતી.

જાહેરમાં શ્વાનોને ખવડાવતા લોકો સામે હવે દંડાત્મક કાર્યવાહી કરાશે

મુખ્ય અધિકારીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે દરબાર રોડ સહિતના વિસ્તારોમાં જાહેરમાં શ્વાનોને ખવડાવતા લોકો સામે હવે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જોકે, તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવા અને શ્વાન પકડવાની કામગીરી શરૂ કરવા છતાં નગરજનોનો રખડતા કૂતરાથી ડર ઓછો થયો નથી. ત્યારે નગરજનોમાં માંગ ઊઠી છે કે રખડતા કૂતરાને પકડી તેમનું રસીકરણ કરવામાં આવે.

આ સાત લોકોને કૂતરાએ બચકાં ભર્યા

અંગેશ પ્રતાપસિંહ પઢિયાર (ઉ.વ.46) અનોર, વિકી સહદેવ વસાવા (ઉ.વ.18) રાણીપુરા, સાગર કનુભાઈ પટેલ (ઉ.વ.22) તણછા, યુનુસ સિકંદર મલેક (ઉ.વ.30) પુરસા, સ્વયંભાઈ પ્રવિણ પટેલ (ઉ.વ.18) આમોદ, રવિના દિનેશ મેડા (ઉ.વ.04) વેડચા, જયાબેન રાયસિંગ ઠાકોર (ઉ.વ.60) અણખી

પકડાયેલા 11 કૂતરા પૈકી બેમાં હડકવા

આ ઘટનાઓના પગલે રોષે ભરાયેલા સ્થાનિક રહીશોએ નગરપાલિકા કચેરીએ જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી. જેના પ્રત્યુત્તરમાં તંત્ર તાત્કાલિક હરકતમાં આવી શ્વાન પકડનાર ટીમ દ્વારા 11 જેટલા રખડતા શ્વાનને પકડી પાડવામાં આવ્યા હતા. પાલિકાના જણાવ્યા અનુસાર પકડાયેલા શ્વાનોમાંથી હડકવાના લક્ષણો ધરાવતા બે શ્વાનને અલગ તારવી દેવામાં આવ્યા હતા.

બારડોલીના ઇસરોલી પાસે અજાણ્યા વાહને યુવકને કચડી નાંખ્યો

બારડોલીઃ બારડોલીના ઈસરોલી ગામે ધુલીયા ચોકડી પાસેના ઓવરબ્રિજ ઉતરતા સુરત તરફ જવાના રોડ પર એક અજાણ્યા ફોર-વ્હીલ ચાલકે રસ્તો ઓળંગી રહેલા ૨૮ વર્ષીય યુવકને જોરદાર ટક્કર મારતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મૃતક અંબરકુમાર લક્ષ્મી દુબે (ઉ.વ.૨૮) મૂળ બિહારના સિવાન જિલ્લાનો વતની હતો અને તેના કાકા હરેરામ દુબેના જીસીબી ગેરેજ પર મિકેનિક તરીકે કામ કરતો હતો. રાત્રે અંબર રસોઈનો સામાન લેવા માટે નીકળ્યો હતો. ત્યારે ઈસરોલી ગામની સીમમાં રોડ ક્રોસ કરતી વખતે પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહને તેને અડફેટમાં લીધો હતો.

અકસ્મા ત બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબોએ અંબરને મૃત જાહેર કર્યા બાદ, તેના કાકા હરેરામ નારાયણ દુબેએ બારડોલી પોલીસમથકમાં અજાણ્યા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બારડોલી પોલીસે આ મામલે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરપંચ-તલાટીએ કાંસમાં દૂષિત પાણી છોડવાની મંજૂરી આપી!

કીમ નજીકના મૂલદ ગામની ઘટના, સર્કલ ઓફિસર તપાસ કરવા ગયા તો મિલમાલિકે પંચાયતના લેટરપેડ પરની મંજૂરી બતાવી દીધી

તાલુકા વિકાસ અધિકારીએ સરપંચ અને તલાટીને કારણદર્શક નોટિસ ફટકારી

કીમઃ ઓલપાડ તાલુકાના કીમ નજીકના મૂલદ ગામના સરપંચ અને તલાટીને તાલુકા વિકાસ અધિકારી (TDO) દ્વારા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. પંચાયતના લેટરપેડ પર મિલ માલિકોને કાંસમાં દુષિત પાણી છોડવાની મંજૂરી આપવામાં આવી હોવાના મામલે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મૂળદ ગામના હળપતિવાસથી સીમલાથું જતા માર્ગ પર ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. આ પાઈપલાઈન પાસે મોટા પ્રમાણમાં મિલોનું દુષિત પાણી એકઠું થઈ ગયું હતું. આ વિસ્તારમાંથી પસાર થતા એક જાગૃત નાગરિકે દુષિત પાણીનો વીડિયો બનાવી સાયણ તાલુકા પંચાયતના સભ્ય દીપેશ પટેલને મોકલ્યો હતો. દીપેશ પટેલ દ્વારા સમગ્ર મામલે મિલ માલિક સાથે વાતચીત કરવામાં આવતા મિલ માલિકે પંચાયત દ્વારા મંજૂરી આપવામાં આવી હોવાનો લેટરપેડ પરનો પુરાવો રજૂ કર્યો હતો. આ પુરાવાના આધારે દીપેશ પટેલ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી.

ટીડીઓએ સમગ્ર ઘટનાની ગંભીરતા સમજી તાત્કાલિક સર્કલ ઓફિસરને ઘટનાસ્થળે તપાસ માટે મોકલ્યા હતા. તેમજ પંચાયતના લેટરપેડ પર મિલ માલિકોને દુષિત પાણી છોડવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી તે અંગે ખુલાસો કરવા માટે મૂળદ ગામના સરપંચ અને તલાટીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હવે આ મામલે તપાસ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મહુવામાં નાયબ કાર્યપાલક ઈજનેરનું ચાલુ ફરજમાં મોત

ઓફિસના બાથરૂમમાં બેભાન હાલતમાં મળ્યા, સારવાર પૂર્વે જ મોત, સુગર-પ્રેસર સહિતની બીમારી હતી

અનાવલઃ મહુવા તાલુકા પંચાયતના સિંચાઈ પેટા વિભાગમાં ફરજ બજાવતા ના. કાર્યપાલક એન્જિનિયરનું ચાલુ ફરજે બેભાન હાલતમાં મોત નીપજ્યું હતું. ગણદેવીના નાંદરખા ખાતે રહેતા ઈન્દ્રવદન બાલુ પટેલ મહુવા તાલુકા પંચાયતના સિંચાઈ પેટા વિભાગમાં ગત એક વર્ષથી નાયબ કાર્યપાલક એન્જિનિયર તરીકે ફરજ બજાવતા હતા. ગત ૭મીએ રાબેતા મુજબ સવારે ઘરેથી નીકળી ઓફિસ ગયા હતા. તેમને સુગર, પ્રેશર અને એરિથિમિયાની બીમારી હોઈ બપોરના સમયે તેમના પત્નીએ ફોન કરતા તેઓએ ફોન ઉપાડ્યો નહોતો. તેમના ડ્રાઈવરને ફોન કરી પૂછતા ડ્રાઈવરે ઓફિસમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેઓ ઓફિસના બાથરૂમમાં બેભાન થઈ ગયા હતા. તેમને મહુવાની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં શોક ફેલાયો હતો. બનાવના પગલે કચેરીમાં પણ શોકનું મોજું ફરી વળ્યું હતું. મહુવા પોલીસે સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

ઉછાલી દત્ત આશ્રમનો 'મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ'

બે વર્ષ પહેલા જ બનેલો હાઈવેથી આશ્રમનો 1.1 કિ.મી.નો માર્ગ અત્યંત બિસમાર, ઠેર ઠેર ખાડાથી શ્રદ્ધાળુઓને ભારે મુશ્કેલી

ભરૂચઃ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીકના અને આસ્થાનું કેન્દ્ર ગણાતા ઉછાલી દત્ત આશ્રમ તરફ જતો માર્ગ અત્યંત બિસમાર હાલતમાં છે, જેને કારણે અહીં આવતાં હજારો શ્રદ્ધાળુઓ અને સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે.

નેશનલ હાઈવે પર ત્રિરંગા હોટલથી ઉછાલી ગામ સુધીના માત્ર 1.1 કિમીના માર્ગ પર છેલ્લાં બે વર્ષથી ઠેર ઠેર ખાડા પડી ગયા છે. જેને લઈ વહીવટી તંત્રની નબળી કામગીરી સામે ગંભીર સવાલો ઊઠી રહ્યા છે. ઉછાલી ગામ એ નારેશ્વરના સંત રંગઅવધૂત બાપજીના પરમ શિષ્ય નર્મદાનંદજીની તપોભૂમિ છે. અહીંના દત્ત આશ્રમમાં ગુજરાત જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. જો કે, હાઈવેથી આશ્રમ સુધી પહોંચવાના ટૂંકા રસ્તા પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી જતાં વાહન ચલાવવું અત્યંત જોખમી બની ગયું છે. માંડ બે વર્ષ પહેલાં બનેલો રોડ આટલી જલદી તૂટી જતાં શ્રદ્ધાળુઓ માટે આ મુસાફરી માથાનો દુઃખાવો સાબિત થઈ રહ્યો છે.

દત્ત આશ્રમના પ્રમુખ નીલેશભાઈ પટેલે જણાવે છે કે, આ માર્ગની મરામત માટે જવાબદાર તંત્રને અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ જ પગલાં લેવાયાં નથી. જો ટૂંક સમયમાં ખાડા પૂરવામાં નહીં આવે તો સ્થાનિક ધારાસભ્ય અને ઉચ્ચ સ્તરે ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

અંકલેશ્વર સેલારવાડમાં બે દિવસથી લીમડાના થડમાં રહસ્યમય આગ

આગનું કારણ હજુ અકબંધ, આસપાસ ગેસલાઇન હોવાની શક્યતા

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વરના સેલારવાડ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી અચાનક એક લીમડાના થડમાં આગ રહસ્યમય રીતે આગ ભભૂકી રહી છે. આ ઘટનાની જાણ થતાં અંકલેશ્વર નગરપાલિકા અને DPMCના ફાયર ફાઈટરોની ટીમ પહોંચી ગઈ હતી. છતાં હજુ આગ કયા કારણે લાગી એ રહસ્ય હજુ અકબંધ છે.

સેલારવાડમાં આવેલા આ વિશાળ લીમડાના થડના અંદરના ભાગમાં લાગેલી આગ સતત સળગી રહી છે. જેને લઈને સ્થાનિકોમાં કુતુહલ વ્યાપ્યું છે. આગ અન્ય ભાગોમાં ન ફેલાય તે માટે સુરક્ષાના ભાગરૂપે વૃક્ષની કેટલીક ડાળીઓ કાપવામાં આવી હતી. ફાયર ફાઈટરો આગ પર કાબૂ મેળવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. ઘટનાસ્થળની આસપાસ ગેસલાઈન હોવાની શક્યતાને પગલે તકેદારીના ભાગરૂપે ગુજરાત ગેસ કંપનીને પણ જાણ કરાઈ હતી. હાલમાં વૃક્ષની નીચે ગેસ લાઇન અથવા ગેસ પોઈન્ટ છે કે નહીં તેની તપાસ જરૂરી છે.

અંકલેશ્વર DPMCના ચીફ ફાયર ઓફિસર પ્રીતેશ પટેલે જણાવ્યું હતું કે, લીમડામાં આગ લાગવાના કારણોની તપાસ ચાલી રહી છે. જ્યાં સુધી થડનો અંદરનો ભાગ સંપૂર્ણપણે બળી ન જાય ત્યાં સુધી આગ પર કાબૂ મેળવવો ખૂબ જ મુશ્કેલ છે.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચ સિવિલમાં યોજાયેલા કેમ્પમાં 500 હજયાત્રીએ વેક્સિનેશન કરાવ્યું

ભરૂચઃ ભરૂચમાં ચાલુ વર્ષે હજ યાત્રિકોની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વેક્સિનેશન કેમ્પ, હજ કમિટી દ્વારા ભરૂચ સિવિલ હોસ્પિટલના કોલેજ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. કેમ્પમાં 500 જેટલા હજ યાત્રિકોએ રસીકરણનો લાભ લીધો હતો. કેમ્પનું આયોજન ભરૂચ જિલ્લા હજ ખાદીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કામગીરીને સફળ બનાવવા માટે ભરૂચ સિવિલ હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફ તેમજ ભરૂચ જિલ્લા આરોગ્ય કેન્દ્રના ડોક્ટરો અને આરોગ્ય કર્મચારીઓએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને સંપૂર્ણ સહયોગ પૂરો પાડ્યો હતો. કેમ્પ દરમિયાન ડો. કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર ડો. ગોપિકા મેખીયા, ઇન્ચાર્જ સિવિલ સર્જન ડો. અભિનવ શર્મા, ડો. રૂહીના શેખ અને પ્રોગ્રામ કોઓર્ડિનેટર મુકીમ મન્સૂરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પટેલ પ્રગતિ મંડળ, સુરતના ઉપક્રમે કોળી પટેલ સમાજની કેરમ ટુર્નામેન્ટન યોજાશે

સાયણઃ પટેલ પ્રગતિ મંડળના ઉપક્રમે સુરત કેરમ એસોસિએશન દ્વારા કોળી પટેલ સમાજના કેરમ રસિયાઓ માટે સુરત શહેરમાં જહાંગીરાબાદ- ભેંસાણ રોડ ઉપર રાંદેર વારીગૃહની પાછળ પટેલ પ્રગતિ મંડળના શૈક્ષણિક સંકુલ તાલીમ સંશોધન અને વિકાસ ભવનમાં આગામી રવિવાર, ૧૫મી ફેબ્રુઆરીના રોજ સવારે-૯:૦૦ કલાકથી કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ઓલપાડ, ચોર્યાસી તાલુકાના આજુબાજુના ગામો સહિત સુરત શહેરમાં વસતા કોળી સમાજના કેરમ ખેલાડીઓ કોઈપણ ચાર્જ ભર્યા વિના ભાગ લઈ શકશે. ભાગ લેવા સુરત કેરમ એસોસિએશનના ચેરમેન દિપક પટેલના મોબાઈલ વોટ્સએપ નં.૮૪૬૯૪ ૦૩૭૭૬ તથા સેક્રેટરી ચેતન પટેલના વોટ્સએપ નં. ૭૦૪૧૦ ૭૦૮૦૬ પરથી ઓનલાઇન ફોર્મ ભરીને કોન્ટેક્ટ કરવો. જ્યારે ઓફલાઈન ફોર્મ પ્રગતિ સભાગૃહ, જ્યોતિન્દ્ર દવે ગાર્ડનની પાસે, ન્યૂ અડાજણની ઓફિસેથી મેળવી ફોર્મ ભરીને ઓફિસમાં જમા કરાવવા આયોજકો તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

અંકલેશ્વરમાં 51 યુગલનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા દસમો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં સોળ સંસ્કારોથી અલંકિત થઇ 51 નવયુગલે પ્રભુતામાં પગલા પાડ્યા હતા. નવી દીવીમાં આવેલા ગુપ્તા ફાર્મના ગ્રાઉન્ડ ખાતે આયોજિત સમૂહ લગ્નોત્સવમાં 51 વરરાજાનો વરઘોડો જીનવાલા સ્કૂલ ખાતેથી નીકળ્યો હતો. આ વરઘોડો શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થતાં લોકોમાં આકર્ષણ જન્માવ્યું હતું. લગ્નગંથ્રિથી જોડાવા જઇ રહેલી દીકરીઓએ સોળ સંસ્કારથી અલંકિત કરી,સમર્પણ, સમજણ અને સેવાનું ભાથું આપી વિદાય આપવામાં આવી હતી.

હથોડાના 16 વર્ષીય અમમારને કુરાનની તમામ 30 સીપારા મોઢે

મદ્રેસામાં ઈમ્તિહાન વખતે એક જ બેઠકમાં બોલી સંભળાવતા અમમાર શેખને ઉમરાહની પવિત્ર યાત્રા ફ્રીમાં કરાવાશે

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ હથોડા ગામના મુસ્લિમ સમાજ માટે એક ગૌરવપૂર્ણ ઘટના સામે આવી છે. માત્ર 16 વર્ષની રમવા-કૂદવાની વયે સગીર વયના અમમારે ઈસ્લામના પવિત્ર ગ્રંથ કુરાન શરીફમાં હાફેઝની પદવી મેળવી લીધી છે.

અમમાર શેખ હથોડા ગામનો વતની છે અને બારડોલી ખાતેની મદ્રેસા દારુલ અહેસાન બારડોલી ખાતે રહીને માત્ર 16 વર્ષની વયે કુરાન શરીફ હાફેઝ થયો છે. તાજેતરમાં મદ્રેસા દ્વારા લેવામાં આવેલ ઈમ્તિહાન વખતે તેણે માત્ર એક જ બેઠકમાં 30 સીપારાનું આખું કુરાન શરીફ કોઈપણ ભૂલ વગર મોઢે સંભળાવ્યું હતું. સગીર વયના અમમાર શેખની ઉત્સાહિત કામયાબીથી ખુશ થયેલા બારડોલી મદ્રેસા ટ્રસ્ટી ગણ તરફથી તેને ઈનામ રૂપે ફ્રીમાં મક્કા મદીના ખાતે ઉમરાહના પ્રવાસ કરવા માટે પસંદગી કરવામાં આવેલ છે. તેની કામયાબીની કદર કરીને હથોડા ખાતે સલીમ ફત્તેહ તેમજ કુટુંબ કબીલાએ ફૂલહાર કરીને અમમારને નવાઝીને વધુ પ્રગતિ કરે તેવી દુઆ ગુજારી હતી.

અમમાર શેખની આ કામયાબીથી હથોડા સહિતના સમગ્ર મુસ્લિમ સમાજમાં ખુશીની લાગણી ફરી વળી છે અને અમમાર વધુમાં વધુ પ્રગતિ કરે તેવી દુઆ કરાઈ છે.

કઠોર નાગરિક મંડળીમાં 15 કમિટી સભ્યો માટે 81.98 ટકા મતદાન

કામરેજઃ કઠોર વિભાગ નાગરિક બચત મંડળીના 15 કમિટી સભ્યોની ચૂંટણી માટે આજે મતદાન યોજાયું હતું, જેમાં 81.98 ટકા મતદાન થયુ હતું. કઠોર ગામે 3800 જેટલા સભાસદો ધરાવતી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીની ચૂંટણી જાહેર થયા બાદ અબ્રામા-અંત્રોલી-ધલુડી-શેખપુર-રૂઢ બેઠક, વેલંજા બેઠક, એસ.સી-એસ.ટી બેઠક, બે મહિલા અનામત બેઠક, કામરેજ-નવાગામ બેઠક મળી કુલ છ કમિટી સભ્યોની બિનહરીફ વરણી થઈ છે. જ્યારે કઠોરના 11 કમિટી સભ્યો માટે 22 ઉમેદવાર મેદાને આવ્યા હતા. જેમાં કઠોર બેઠક માટે 81.17 ટકા, કામરેજ ચાર રસ્તા બેઠક માટે 75.25 ટકા, ખોલવડ બેઠક 83.49 ટકા, આંબોલી બેઠક માટે 88.81 ટકા, ધોરણપારડી-નવીપારડી બેઠક માટે 93.04 ટકા સભાસદોએ મતદાન કરી આગામી પાંચ વર્ષ માટે કમિટી સભ્યનું ભાવિ નકકી કર્યું હતું. આજે સવારે 7થી સાંજે 4 કલાક સુધી ગુજરાતી શાળામાં 3800 પૈકી 3110 સભાસદે મતદાન કરતા 81.98 ટકા મતદાન થયું હતું.

બારડોલીમાં કોંગ્રેસની 'જન આક્રોશ રેલી' યોજાઈ

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી

બારડોલીઃ બારડોલીમાં કોંગ્રેસ દ્વારા 'જન આક્રોશ રેલી'નું શહેરના આંબેડકર સર્કલથી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં પુનઃ પ્રસ્થાન કરાયું હતું.

રેલી લીમડા ચોક, સરદાર ચોક, જલારામ મંદિર અને સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈ હતી. રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો મોટરસાઈકલો સાથે જોડાયા હતા, જેના કારણે વાતાવરણમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બારડોલી સુગર ફેક્ટરી થઈને આ યાત્રા મોતા તરફ રવાના થઈ હતી અને ત્યાંથી કામરેજ તાલુકામાં પ્રવેશ કર્યો હતો.

અમિત ચાવડા અને અન્ય અગ્રણીઓએ ઐતિહાસિક સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અમિત ચાવડાએ વિઝિટર ડાયરીમાં નોંધ્યું હતું કે, સરદાર પટેલે ૨૫ વર્ષ સુધી ગુજરાત કોંગ્રેસનું નેતૃત્વ કરી દેશને અખંડિત રાખવા કડક નિર્ણયો લીધા હતા. તેમનું લોખંડી મનોબળ અને ખેડૂતો પ્રત્યેની સંવેદના હંમેશા યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી તરુણ વાઘેલા, જિલ્લા પ્રમુખ આનંદ ચૌધરી, શહેર પ્રમુખ કિરણ લાકડાવાળા અને તાલુકા પ્રમુખ ડૉ. અનુપ વ્યાસ સહિતના સ્થાનિક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

બારડોલી પાસે ૧૪ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

બારડોલીઃ બારડોલીના ઉવા ગામની સીમમાં નેશનલ હાઈવે ૫૩ પરથી પોલીસે ગેરકાયદે અને ક્રૂરતાપૂર્વક પશુઓની હેરાફેરી કરતો એક ટ્રક ઝડપી પાડ્યો છે. પોલીસે ૧૪ ભેંસ સહિત કુલ રૂપિયા ૧૦.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી છે. ગૌરક્ષકોની બાતમીના આધારે નેશનલ હાઈવે નંબર 53 પર ઉવા ગામની સીમમાં ટ્રક અટકાવી પોલીસે તપાસ કરતા ટ્રકમાં પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વગર, અત્યંત ટૂંકા દોરડા વડે ૧૪ ભેંસને ખીંચોખીચ ભરીને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવામાં આવી રહી હતી. પોલીસે ટ્રકચાલક આરિફ આશિફ શેખ અને ક્લીનર શદરૂદિન બશીરખાન પઠાન (બંને રહે., ભરૂચ)ની ધરપકડ કરી છે. જ્યારે ટ્રકના માલિક જાકીરભાઈ ઈસ્માઈલ દુધારાને વોન્ટેડ જાહેર કર્યો છે. ૧૪ ભેંસની કિંમત અંદાજે ૫.૬૦ લાખ આંકી માણેકપોર પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવી છે. આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કીમમાં નંદી મહારાજ ગટરમાં ખાબક્યા

બેએક કલાકની જહેમત બાદ રેસ્ક્યુ, ગટરનું ઢાંકણ નહીં હોવાની ઘટનાથી લોકોમાં ભારે રોષ

કીમઃ કીમ ગામે ગણેશ નગર રોડ પાસે શનિવારે સાંજના સમયે બોક્સ ગટરનું ઢાંકણ નહીં હોવાથી એક આખલો ગટરની કુંડીમાં ખાબકી પડ્યાની ઘટના સામે આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે રાત્રે આશરે 10 વાગ્યાના સમય દરમિયાન ગણેશ નગર રોડ પાસે ખુલ્લી બોક્સ ગટર કુંડીમાં આખલો પડી ગયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો દોડી આવ્યા હતા અને અંદાજે 2 કલાકની જહેમત ઉઠાવીને આખલાને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે તેમજ બોક્સ ગટર પર ઢાંકણ નહીં હોવાને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી આશંકા વ્યક્ત કરી તંત્ર દ્વારા વહેલી તકે ઢાંકણ મૂકવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ટેન્ડર નોટીસ

શ્રી ઝેરવાવરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ઝેરવાવરા

મુ.પો. ઝેરવાવરા તા. અંબીકા જી. સુરત

મો.નં. 6353716707

આથી રસ ધરાવતા અનુભવી કોન્ટ્રાકટરોને જણાવવાનું કે ઉપરોક્ત દૂધ મંડળીના મકાન બાંધકામ માટે માલ સામાન તથા મજૂરી સાથેના ભાવો મંગાવવામાં આવે છે જે મંડળીની મુખ્ય ઓફીસેથી તા. 10/02/2026 થી તા. 17/02/2026 સુધીમાં સવારે 10.00 કલાકથી બપોરે 3.00 કલાક સુધી (રજાના દિવસો સીવાય) આપવાના રહેશે. ટેન્ડર ફી પેટે રૂા. 1500/00 ચુકવવાના રહેશે. સર્વે હક મંડળીના રહેશે.

ચીમન બી. પટેલ
મંત્રી
ઝેરવાવરા દૂધ ઉત્પાદક સહ. મં.લિ.
તા. અંબિકા, જી. સુરત

Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333